# વિષય - ગણિત  ૩. ભોપાલનો પ્રવાસ

❖ અધ્યયન નિષ્પતિઓ :- ૧. નાણું, લંબાઇ અને અંતર આધારિત કોયડા બનાવે અને તેનો મૂળભૂત પ્રક્રિયાઓ દ્વારા ઉકેલ મેળવે છે.

**પ્રશ્ન- ૧. નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(૧) નીચે ખૂબ જૂના ચિત્રો આપેલા છે. તેમાંથી સૌથી જુનું ચિત્ર કયું છે ?.................................

(અ) ૪૦૦૦ વર્ષ (બ) ૪૫૦૦ વર્ષ (ક) ૩૫૦૦ વર્ષ (ડ) ૪૨૦૦ વર્ષ

(૨) એક બસમાં ૫૦ બાળકો સમાય તો ૪ બસમાં કેટલા બાળકો સમાઇ શકે ?..........................

(અ) ૨૦૦ બાળકો (બ) ૨૨૦ બાળકો (ક) ૨૦૮ બાળકો (ડ) ૧૯૮ બાળકો

(૩) નીચેનામાંથી કઇ જોડીનો સરવાળો કરતાં ૪૦૦ થી વધુ જવાબ મળે ?................

(અ) ૧૫૪ અને ૧૪૨ (બ) ૨૦૦ અને ૧૯૬ (ક) ૩૦૪ અને ૯૯ (ડ) ૧૯૨ અને ૧૮૬

(૪) ૧૦૦ અને ૧૫૦ ની બરોબર વચ્ચે કઇ સંખ્યા આવે ?..........................

(અ) ૧૨૫ (બ) ૧૨૦ (ક) ૧૩૦ (ડ) ૧૨૪

(૫) કાજલે તેના ચાર મિત્રોને બે-બે ચોકલેટ આપી. કાજલ પાસે ત્રણ ચોકલેટ વધી તો કાજલ પાસે કેટલી ચાકલેટ હતી ?.....

(અ) ૮ (બ) ૧૧ (ક) ૧૨ (ડ) ૧૦

**પ્રશ્ન-૨. એક શાળાના બાળકો બસમાં વડોદરા થી સાપુતારા પ્રવાસે જવા નીકળ્યા. તેની વિગત નીચે મુજબ છે. તેના આધારે આપેલા પ્રશ્નોના જવાબ આપો.**

| ધોરણ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| ૧ | ૩૦ |
| ૨ | ૪૩ |
| ૩ | ૩૫ |
| ૪ | ૫૫ |
| ૫ | ૫૨ |
| કુલ | |

(૧) કેટલા બાળકો પ્રવાસે જાય છે ?............................

(૨) જો બાળકોને **૫૨** સીટ વાળી બસમાં બેસાડવામાં આવે તો કેટલા બાળકોને બેસવાની સીટ મળે ? કેટલા બાળકો સીટ વગરના રહેશે ?

(૩) જો બસ કયાંય રોકાય નહી તો વડોદરા થી સાપુતારા જતાં ૬ કલાક લાગે છે. વડોદરાથી સાપુતારા લગભગ ૨૯૦ કિમી છે. અત્યારે સવારના ૮ વાગ્યા હોય તો સાપુતારા ક્યારે પહોંચાય ?.......................

(અ) ૧૧ વાગ્યે (બ) બપોરના ૧ વાગ્યે (ક) બપોરના ૨ વાગ્યે (ડ) બપોરના ૧૨ વાગ્યે

(૪) રસ્તામાં પસાર થતાં તાપી નદી આવે છે. તાપી નદી પર ૫૪૫ મીટર લાંબો પુલ છે તો તાપી નદીની પહોળાઇ કેટલી હશે ? ...................................

(૫) પુલ ૫૪૫ મીટર લાંબો છે. જો બસ ૫ મીટર લાંબી હોય તો આ પુલ પર એકની પાછળ એક એવી કેટલી બસો ઊભી રહે ?

(૬) નદીની પાણીની સપાટી પુલથી ૪૨ મીટર નીચી છે. પરંતુ ચોમાસાની ઋતુમાં પાણીની સપાટી ૧૮ મીટર જ નીચી હોય છે. તો બંને વખતની સપાટી વચ્ચેનો તફાવત કેટલો થાય ?......................

(૭) વડોદરાથી સાપુતારાના રસ્તામાં નાસ્તો કરવાં માટે બસ ઊભી રાખી, દરેક બાળકને ૧ સફરજન, ૨ કેળાં અને ૪ બિસ્કિટ આપ્યા. તેમાંથી ૩૫ બાળકોએ કેળાં લીધા નહિ, તો કુલ કેટલી વસ્તુઓ કેટલાં બાળકોને વહેંચવામાં આવી ?

(૮) બસમાં ડીઝલ પુરાવવા પેટ્રોલપંપે ઉભી રખાઇ. જો એક બસમાં ડીઝલ ભરતા ૬ મિનિટ લાગે તો ૫ બસમાં ડીઝલ ભરતાં કેટલો સમય લાગે?............................

(૯) જો ડીઝલનો ભાવ રૂ. ૭૦ પ્રતિ લિટર હોય તો એક બસમાં ૫૦ લિટર ડીઝલ ભરાવતાં કેટલા રૂપિયા ચૂકવવા પડે ?

(૧૦) સાંજે ૭ વાગ્યે બધાં વડોદરા જવા પાછા ફર્યા. જો બસ રોકાયા વગર આગળ વધે, તો બસ કેટલા વાગ્યે વડોદરા પહોંચશે ? ( વડોદરાથી સાપુતારા જવામાં ૬ કલાક લાગે છે ) ..........................................

(અ) રાતે ૧૧ વાગ્યે (બ) રાતે ૧૨ વાગ્યે (ક) રાતે ૧ વાગ્યે (ડ) રાતે ૨ વાગ્યે

(૧૧) જો આ પ્રવાસનો એક બસના બાળકોનો ખર્ચ ૧૦૦૦૦ રૂપિયા હોય અને બસમાં ૫૦ બાળકો હોય તો એક બાળકના ભાગે કેટલા રૂપિયા ચૂકવવાના થાય ?......................................

પ્રશ્ન-૩. સાપુતારા સરોવરમાં બોટીંગ કરવાનું ભાવપત્રક નીચેના પ્રશ્નોના જવાબ આપો.

| બોટ | ટીકીટ પ્રતિ વ્યક્તિ | સમય |
|---|---|---|
| ડબલ ડેકર | રૂ. ૪૦ | ૪૦ મિનિટ |
| પેડલ બોટ | રૂ. ૨૦ | ૩૦ મિનિટ |
| મોટર બોટ | રૂ. ૩૦ | ૨૦ મિનિટ |
| હલેસાં વાળી | રૂ. ૧૫ | ૫૦ મિનિટ |

(૧) બે બાળકો ડબલ ડેકર બોટમાં ગયા. તો તેમણે કેટલા રૂપિયા ચૂકવ્યાં ?..........................................................................................

(૨) કઇ બોટ એક કલાકમાં બે ચક્કર મારે છે ?.................................

(૩) કઇ બોટમાં સૌથી ઓછા ખર્ચમાં સૌથી વધારે સમય મળે છે ?.....

(૪) બાળકોનું એક જૂથ હલેસાવાળી બોટમાં ગયું. તો તેમણે ૧૨૦ રૂપિયા ચૂકવ્યા, તો બોટમાં કેટલા બાળકો ગયા હશે ?.......................................

(૫) એક છોકરાએ બે બોટ કુલ ૫૦ મિનિટ ચલાવી અને કુલ રૂપિયા ૫૦ આપ્યા, તો તેણે કઇ બે બોટ ચલાવી હશે ?